Volume : 5 | Issue : 3 | March 2016 ISSN - 2250-1991 | IF : 5.215 | IC Value : 77.65

Research Paper Commerce

# ગ્રામ્ય વિસ્તારની પરિસ્થિતિનો અભ્યાસ (વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના વારોલી તલાટ ગામના સંદભ માં)

# A Study on The Position of The Village


| | |
|---|---|
| **Smt. Vanitaben N. Desai** | Associate Professor Arts & Commerce College, Motapondha Ta. Kaprada Dis. Valsad V.N.S.G. University Surat (India) |
| **Rajendra Kumar Rajan** | Assistant Professor (GF), Department of Physical Education university of Allahabad (U.P.). |


**1.** પ્રસ્તાવના :–

ભારત દેશ એ ગામડાઓનો બનેલો દેશ છે. ભારતમાં કુલ વસ્તીના લગભગ 82% લોકો ગામડામાં વસે છે. જે ગ્રામ્ય વિસ્તારની વસ્તી મોટેભાગે ખેતી પર નિર્ભર છે. અને ખેતી વરસાદ આધારિત હોય છે. આવા સંજોગોમાં ચોમાસું નિષ્ફળ જાય.ગરીબી, બેકારી, આવકની અસમાનતા જેવી અનેક સમસ્યાઓ સર્જાય છે. જેથી દેશના આર્થિક વિકાસ માટે ગ્રામ્ય વિસ્તારનો વિકાસ કરવો ખૂબજ આવશ્યક છે.

ગાંધીજીએ સ્વાવલંબી અર્થતંત્રને ખૂબજ મહત્વ આપ્યું હતું. ભારત ગામડાનો બનેલો છે, જો ગામડાઓ નાશ થાય તો ભારતનો દેશ થાય એમ તેઓ માનતા. જો ગામડા સ્વાવલંબી ન હોય તો તેમનું શોષણ થાય. ગાંધીજીએ ગામડાઓને સ્વવલંબી બનાવવાની હિમાયત કરી હતી. અને ગામડાને સ્વાવલંબી બનાવવા માટે આર્થિક સામાજિક શૈક્ષણિક વિકાસ આવશ્યક છે.

ગ્રામ્ય વિસ્તારના વિકાસની વાત કરીએ તો ગ્રામ્ય ગરીબોનો વિકાસ કરવાની પ્રક્રિયા ખૂબજ જટીલ છે. ગ્રામ્ય વિસ્તારના લોકોમાં આર્થિક અને સામાજિક જાગૃતતાની ઉણપ જોવા મળ છે. આ ગ્રામ્ય વિસ્તારમાં ખેતી સાથે પશુપાલન, મરઘા ઉછેર જેવા વ્યવસાય ચાલતા હોય છે.

વારોલીતલાટ ધરમપુરથી દક્ષિણ દિશામાં 30 કિ.મીટર દૂર તથા દાદરા નગર હવેલીના બોર્ડરથી ઉત્તર દિશામાં 6 કિ.મી.ના અંતરે આવેલું છે. ગામમાં આદિવાસીઓની વસ્તી 100% રહેલી છે. જેથી કોઈપણ જાતની શોષણ નીતિ નથી. ધરમપુર સ્ટેટને સામે બળવામાં સાથ આપનાર વારોલી ગામ આગળ પડતું રહેલું. અને આ ગામના પ્રથમ શ્રી રૂપાભાઈ કાળુભાઈ રાઉતની ધરમપુર સ્ટેટના લોક પ્રતિનિધિ તરીકે નિમણુંક થયેલી હતી. આ ગામના લોકોમા રહેલી સમાજ ભાવના અને સમાજના ઉત્પાદનમાં વિવિધ કામગીરીમા આગળ પડતું જણાતા સંશોધકે ગામનાં લોકોની સામાજિક અને આર્થિક સ્થિતિ જાણવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

**2.** સમસ્યા કથન :–

આદિવાસી વસ્તીની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ જાણવા માટે તથા ગામનાં લોકોના રીતરિવાજો, રહેણીકરેણી કેવી હશે જે જાણવુ જરૂરી બને છે. ત્યારે સંશોધકે પ્રસ્તુત વિષય પસંદ કરી અભ્યાસ કરવાનું નક્કી કરેલ હતુ "કપરાડા તાલુકાનાં વારોલી તલાટ ગામનો સામાજિક આર્થિક દરજ્જાનો માપદંડનો એક અભ્યાસ"

**3.** અભ્યાસનો હેતુ :–

1. ગામની પ્રાથમિક માહિતી, કૌટુંબિક અને સભ્યોની શૈક્ષણિક લાયકાત જાણવું.
2. ગામનાં લોકોનો વ્યવસાય જાણી આર્થિક સ્થિતિનો ખ્યાલ મેળવશે.
3. ગામનાં લોકોના રીતરીવાજ જાણી સામાજિક સ્થિતિથી માહિતગાર થશે.
4. વિદ્યાર્થીઓ ગ્રામ્યવિસ્તારના લોકોની સામાજિક અને આર્થિક શૈક્ષણિક પરિસ્થિતિથી માહિતગાર થશે.

**4.** નમૂના પસંદગી :–

**4.1** પ્રસ્તુત સંશોધનમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાનાં વારોલી તલાટ ગામનાં કુલ 65 કુટુંબમાં હિન્દુ કુંકણાં – 46, હિદું વારલી – 12 અને હિંદુ કોળચા – 07 કુંટુંબ મળી કુલ – 65 કુટુંબો નમૂના તરીકે પસંદગી કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત સંશોધનમાં N.S.S. ના પ્રોગ્રામ ઓફિસ દ્વારા સ્વચિત અભિપ્રાયવલી તૈયાર કરવામાં આવી હતી. જે N.S.S. કાર્યશિબિરમાં જોડાયેલ વિદ્યાર્થીઓ અને સંશોધક દ્વારા કુંટુંબનાં સભ્યોને રૂબરૂ મળી વિગતો ભરવામાં આવી હતી જે સંપૂર્ણ ભરાયેલ અભિપ્રાયવલી કુલ 65 જેટલો નમૂનો પ્રયોગપાત્ર તરીકે લીધેલ હતો.

**4.2** અભ્યાસની મર્યાદાઓ :–

1. કપરાડા તાલુકાનું વારોલી તલાટ ગામ પુરતું મર્યાદિત છે.
2. પ્રસ્તુત અભ્યાસનાં પરિણામો વારોલી તલાટ ગામનેજ લાગુ પાડી શકાશે.

**4.3** સંશોધનનું મહત્વ :–

1. ગ્રામ્ય વિસ્તારના લોકોની આર્થિક, સામાજિક, શૈક્ષણિક પરિસ્થિતિની માહિતી મેળવવા માટે.
2. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ગ્રામ્યવિસ્તારના લોકોની સ્થિતિ, પ્રશ્નો જાણી કઈ રીતે નિરાકરણ લાવી શકાય તે માટે વિચારે અને જાણે, સમજે અને પોતાની પ્રગતિ કરી શકે.
3. ગ્રામ્ય વિસ્તારના લોકોની રહેણીકરેણીની સાચી માહિતી પ્રાપ્ત કરવા માટે.

**4.4** સંશોધન પધ્ધતિ:–

સંશોધકે કોઈ ચોક્કસ વિજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરી જરૂરી માહિતી મેળવીને તેનું વિશ્લેષણ કરી યોગ્ય તારણો સુધી જવાનું હોય છે. સંશોધન કરવા માટે વિવિધ પધ્ધતિઓ છે. પ્રસ્તુત અભ્યાસમાં મુલાકાત પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**4.5** ઉપકરણ:–

પ્રસ્તુત સંશોધનમાં ગામનાં લોકોનો અભ્યાસ કરવા માટે સંશોધકે સ્વરચિત અભિપ્રાયાવલિ તૈયાર કરી ઉપયોગ કર્યો હતો જેમાં આર્થિક માહિતી માટે કુલ 10 પ્રશ્નોમાં સાચા વિકલ્પની સામગે ખરાંની ટીક કરવા જણાવું હતું જયારે સામાજિક સ્થિતિ જાણવા માટે કુલ 19 પ્રશ્નોમાં હા કે ના માં ટીક (□) કરવાનું 20માં પ્રશ્નલમાં મુકત મંતવ્યો જણાવા મુકેલ હતો આમ કુલ 10 પ્રશ્નોની અભિપ્રાયાવલી તૈયાર કરવામાં આવી હતી.

**4.6** માહિતી એકત્રીકરણ :–

પ્રસ્તુત અભ્યાસમાં N.S.S. વિદ્યાર્થીઓ તથા સંશોધકે ગામમાં જઈને રૂબરૂ અભિપ્રાયાવલી ભરાવવામાં આવી હતી ભરાયેલી અભિપ્રાયાવલિનું પૃથ્થકરણ કરી ગુણાકન કરવામાં આવ્યું હતું.

**5.** માહિતી પૃથ્થકરણ અને અર્થઘટન :–

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન હેતુ અનુસાર નીચે મુજબ કરવામાં આવ્યું.

**5.1** પ્રાથમિક માહિતી મેળવતાં ગામમાં 65 કુટુંબો હતાં જેમાં પેટા જ્ઞાતિ મુજબ હિન્દુ કુંકણાં–46, હિન્દુ વારલી– 12 અને હિન્દુ કોળચા – 07 મળી કુલ 65 કુટુંબો રહેતાં હતાં.

**2.** ગામનાં લોકોની કૌટુંબિક માહિતી મેળવતા નીચે મુજબ જાણવા મળ્યું હતું.

**2.1** આપ સંયુકત કુટુંબમાં રહો છો ? તો 36 જેટલાં કુટુંબો સંયુકત કુટુંબમાં રહે છે જેની ટકાવારી 55.38 જયારે 29 કુટુંબો વિભકત કુટુંબમાં રહે છે જેની 44.62 ટકાવારી હતી.

**2.2** કુટુંબની સભ્યોની કુલ સંખ્યા કેટલે છે ? તે નીચે મુજબ જાણવા મળેલ હતું.

| ક્રમ | સભ્યો | કુટુંબની સંખ્યા |
|---|---|---|
| 1 | 1 થી 2 | 03 |
| 2 | 3 થી 4 | 04 |
| 3 | 5 થી 6 | 33 |
| 4 | 7 થી 8 | 12 |
| 5 | 9 થી 10 | 07 |
| 6 | 11 થી 12 | 06 |
| | કુલ | **65** |

ઉપરોક્ત સારણી પરથી ફલિત થાય છે કે કુટુંબમાં 5 થી 7 સભ્યો હોય તેવા 33 કુટુંબો એટલે કે 50.76% જયારે 7 થી 8 સભ્યો ધરાવતાં કુટુંબો 12 એટલે કે 18.46% હતાં જયારે કુટુંબનાં સભ્યો 1 થી 2 હોય તેવા 03 કુટુંબો એટલે 4.61% જયારે 11 થી 12 સભ્યો હોય તેવા 06 કુટુંબો 9.23% ધરાવતાં કુટુંબો જાણવા મળેલ હતા. આમ 5 થી 7 સભ્યો ધરાવતા 50.76% સભ્યો ધરાવતાં કુટુંબો હતા જે વિભકત કુટુંબો હશે.

**3.** કુટુંબનાં સભ્યોની શૈક્ષણિક લાયકાત :

3.1 પિતા/વાલી નિરક્ષર હોય તેવા 26 એટલે કે 40 જયારે ભણેલા વાલીની સંખ્યા 39 હતી એટલે કે 60% હતી એટલે કે વાલીઓ શિક્ષણ પ્રત્યે જાગૃત જણાયા હતા જયારે વાલી કેટલું ભણેલા છે તે અંગે કુલ વાલી પૈકી 14 વાલી 1 થી 5 ધોરણ ભણેલા એટલે કે 21.53% હતા. અને 6 થી 10 ધોરણ ભણેલા વાલી 14 એટલે કે 21.53% હતાં જયારે બી.એ.કે તેથી વધુ ભણેલાં 09 વાલી હતી એટલે કે 14% હતા.

3.2 માતાઓની શૈક્ષણિક લાયકાત ચકાસતા નિરક્ષર 40 માતાએ એટલે કે 61.54% અને ભણેલી માતાઓ 25 એટલે કે 38.46% હતી એટલે કે માતાએ વધું નિરક્ષર હતી. ટૂંકમાં ધોરણ 1 થી 5 ભણેલી માતાની સંખ્યા 14 એટલે કે 21.53% જયારે 6 થી 12 ભણેલી માતાની સંખ્યા 6 એટલે કે 9.23% હતી જયારે બી.એ. સુધી ભણેલી માતાની સંખ્યા 05 એટલે કે 7.69% હતી.

3.3 65 કુટુંબોમાં કુલ 183 ભાઈઓ હતા જેમાં ભણેલા હોય તેવા 68 એટલે કે 91.80% અને નિરક્ષરોની સંખ્યા 15 એટલે કે 8.20% હતી જેમાં ધોરણ 1 થી 5 ભણેલાં હોય તેની સંખ્યા 48, ધોરણ 10 ભણેલાની સંખ્યા 54 એ ધોરણ 12 ભણેલા હોય તેવા 53 ભાઈઓ અનુક્રમે 28.57% , 32.14% અને 31.54% હતી જયારે બી.એ. થી વધુ ભણેલાની સંખ્યા 13 એટલે કે 7.73% હતી.

3.4 65 કુટુંબોમાં બહેનોની સંખ્યા 141 હતી જેમાં ભણેલી કુલ બહેનો 116 એટલે કે 82.26% એ નિરીક્ષર બહેનો 25 એટલે કે 17.74% હતી જે પૈકી ધોરણ 5 સુધીનું શિક્ષણ મેળવેલ હોય તેની સંખ્યા 36, ધોરણ 10 ભણેલી સંખ્યા 43, એટલે કે અનુક્રમે 31.04% અને 37.06% હતી ધોરણ 12 ભણેલી 13 જયારે ધોરણ 12 થી વધુ ભણેલી 15 બહેનો હતી એટલે કે 11.20% અને 12.93% હતી એટલે કે બહેનોનાં ભણતરમાં.

**4.** આર્થિક : પિતા/વાલીનો વ્યવસાયમાં 57 વાલીઓનો વ્યવસાય ખેતી કરતા હતા જયારે 08 વાલીઓમાંથી 04 નોકરી અને વ્યવસાય ધંધો કરતા 04 વાલી એટલે 08 વાલીઓ હતા જે અનુક્રમે 87.70% અને 12.30% હતી. એટલે વાલીનો મુખ્ય વ્યવસાય ખેતી કરતા હતા.

5.1 કુટુંબનાં સભ્યોની વાર્ષિક આવક 10,000 હજાર હોય તેવા વાલી 23 એટલે કે 35.39% જયારે 20 હજારની આવક ધરાવતા હોય તેવા વાલીની સંખ્યા 18 એટલે કે 27.70% હતી જયારે 30 હજારથી વધુ હોય તેવા વાલીની સંખ્યા 12 હતી એટલે કે 18.47% હતી.

5.2 કુટુંબમાં ભાઈઓની આવક 10 હજાર હોય તેવા 03 ભાઈઓ, 20 હજાર આવક હોય તેવા 04 ભાઈઓ અને 30 હજારની આવક ધરાવતા 02 ભાઈઓ એટલે કે 1.79% અને 1.20% હતી જયારે ફકત 01 બહેનોની વાર્ષિક આવક 30 હજારની હતી.

6. આપના ઘરે કયા વાહનો છે એમ પૂછતા કુલ 65 કુટુંબોમાં સાયકલ હોય તેવા 25 ઘરો એ મોટરસાયકલ ધરાવતા 30 કુટુંબો એટલે કે 38.47% અને 41.16% હતું ગામમાં કુલ 64 વાહનો હતાં જેમાં સ્કૂટર – 02, રીક્ષા – 01, મોટરકાર – 04 અને ટ્રેકટર – 02 હતા.

7. આપના ઘરે મનોરંજન માટેનાં સાધનો કયા છે ? જેમાં ટીવી હોય તેવા 47 અને સીડી પ્લેયર હોય તેવા 15 ઘરો હતા એટલે કે 72.31% અને 23.08% હતા. ગામમાં કુલ 73 મનોરંજનનાં સાધનો હતા જેમાં રેડિયો – 02, ટેપરેકોર્ડર – 03, વીસીયર – 01 અને કમ્પ્યુટર હોય તેવા 05 ઘરો હતા. ટૂંકમાં 65 ઘરોમાં મનોરંજનનાં સાધનો હોવા જોઈએ એવું બનેલ નથી.

8. આપના ઘરમાં ભૌતિક સુવિધાનાં કયા સાધનો છે જેમાં 91 જેટલાં સાધનો હતા જે પૈકી કુંકર, પ્રાયમસ અને ગેસ હોય તેવા 35 ઘરો અને સોફા પલંગ હોય તેવા ઘરો 18 હતા. એટલે કે 53.85% અને 27.70% હતી જયારે મિકસર અને ઘરઘંટી હોય તેવા 09 ઘરો એટલે કે 13.85% હતાં. રેફ્રિજરેટર હોય તેવા 13 ઘરો એટલે કે 20% ઘરોમાંજ હતું. જયારે એકવાગાર્ડ અને ડાઈનીગટેબલ હોય તેવા 02 ઘરો એટલે કે 3.08% હતું જયારે ગામમાં એરકુલર, વેકયુમકિલનર, વોશિંગમશીન કોઈ ઘરમાં ન હતું.

9.1 રહેઠાણની વ્યવસ્થા અંગે પોતાનું ઘર હોય તેવા 57 કુટુંબો અને ભાડાનાં મકાનમાં રહેતા–08 કુટુંબો એટલે કે અનુક્રમે 87.69% અને 12.31% હતા.

9.2 તમારા મકાનમાં કેટલા ઓરડા છે જે અંગે છાપરાવાળા ઘરોની સંખ્યા – 26 એટલે કે 40% ઘરો છાપરાવાળા હતા જયારે એક રૂમ રસોડાવાળા ઘરો 06, બે રૂમ રસોડાવાળા 16 ઘરો એટલે કે 9.24% અને 24.62% હતાં. તેમજ ત્રણ રૂમ અને રસોડું ધરાવતા 13 ઘરો હતા એટલે કે 20% હતા. જયારે પાંચ કે તેથી વધુ રૂમનું બગીચા સાથેનાં કુલ ઘરો 04 હતા એટલે કે 6.15% હતા.

9.3 સરકારી મકાનમાં રહેતા હોય તેવા 08 કુટુંબો એટલે કે 12.30% હતા.

9.4 માસિક ભાડું ચૂકવતાં 08 કુટુંબો 1000 રૂપિયા ચૂકવતા હતા.

9.5 તમારું મકાન કયા વિસ્તારમાં આવેલું છે જે અંગે ખેતરમાં 05 ઘરો, ફળિયામાં ઘરો એટલે કે 7.70% અને 92.30% હતું એટલે મકાનો ફળિયામાં હતા. જે સાથે રહેવાનું પસંદ કરેલ છે.

10.1 ઘરે દૈનિક વર્તમાન પત્ર આવે તેવા 16 ઘરો હતા જયારે 49 ઘરોમાં કોઈ વર્તમાન પત્રો 16 આવતા ન હતા વર્તમાન પત્રો ઘરોમાં આવતા હતા તે ગુજરાત સમાચાર તે સંદેશ ગુજરાતીમાંજ આવતા હતા.

10.2 કોઈપણ ઘરે સામાયિક આવતા ન હતા.

**11.** સામાજિક :

11.1 આપના સમાજમાં આપના સારા કાર્યની નોંધ લેવાઈ એવા 40 વાલીઓ એટલે કે 61.54% વાલીની નોંધ લેવાતી હતી.

11.2 સામાજિક સંસ્થા સાથે જોડાયેલ હોય તેવી 30 વાલીઓ એટલે કે 46.15% હતા.

11.3 સમાજિક દરજ્જો ધરાવતી કુલ 05 વ્યકિત હતી એટલે કે 7.70% હતી.

11.4 સમાજ તરફથી બહુમાન કરવામાં આવે એવું 39 વાલીનું માનવું હતું.

11.5 સારા નરસા પ્રસંગે સમાજનાં લોકો 100% સાથે રહેતા હતા.

11.6 વર્તમાન સામાજિક વ્યવસયથી સંતુષ્ઠ હોય તેવી 62 વાલી એટલે કે 95.39% વાલી સંતુષ્ઠ હતા.

11.7 સામાજિક કાર્યમાં મંતવ્યો સ્વીકારાય તેવા 59 વાલી એટલે કે 91% વાલીઓનાં મંતવ્ય સ્વીકારાય એમ માને છે.

11.8 જ્ઞાતિ પ્રથામાં 41 વાલી એટલે કે 63.07% વાલી જ્ઞાતિ પ્રથામાં માને છે.

11.9 બિન સાંપ્રાદાયિકમાં 50 વાલી એટલે કે 77% વાલી બિન સાંપ્રાદાયિકમાં માને છે.

11.10 સમાજિક કાર્યોમાં આર્થિક સહાય આપતા 60 વાલી એટલે કે 92.30% વાલી આર્થિક સહાય કરે છે.

11.11 સામાજિક ટીકાનાં ભોગ 07 વાલી બન્યા એટલે કે 10.76% જે સામાજિક ટીકાનો ભોગ બન્યા હતા.

11.12 સમાજનો ડર રહે તેવા 02 વાલી હતા એટલે કે 96.93% વાલીઓને સમાજનો ડર નથી.

11.13 પ્રવર્તમાન સામાજિક રીતરીવાજોથી સંતુષ્ઠ એવા 53 વાલી એટલે કે 81.54% વાલી સંતુષ્ઠ હતા.

11.14 પ્રવર્તમાન સામાજિક રીતરીવાજોથી બદલાવ ઈચ્છતા 22 વાલી એટલે કે 33.09% વાલી બદલાવ ઈચ્છે છે. બાકી 67.09% વાલી સમાજ થી સંતોષ જણાય.

11.15 સામાજિક વ્યવસ્થા જ્ઞાતિ આધારિત હોવો જોઈએ એવું

11.16 સામાજિક કુરીવાજો પ્રત્યે લડત આપવાનું 18.46% વાલી માનતા હતા.

11.17 સમાજમાં કયા પ્રકારના કુરીવાજો પ્રવર્તે છે. છોકરીનાં નાની ઉંમરે લગ્ન કરવામાં આવે છે એવું 61 વાલી એટલે કે 93.85% વાલીનું માનવું હતું.

11.18 તમામ વાલીઓ સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે એવું જાણવા મળ્યું.

11.19 સમાજમાં નેતૃત્વ કર્યું હોય એવા 70.76% વાલીઓ હતા.

ISSN - 2250-1991 | IF : 5.215 | IC Value : 77.65

11.20 સામાજિક આર્થિક બદલાવ અંગેનાં મુકત અભિપ્રાયો નીચે મુજબ હતા.
– બાળમજૂરી, દહેજ પ્રથા દૂર કરવી.
– કન્યા કેળવણીને મહત્વ આપવું.
– બાળલગ્ન પ્રથા દૂર કરવી જોઈએ.

**6.** તારણો :

1. કુટુંબમાં 5 થી 6 સભ્યો હોય તેવા 33 કુટુંબો એટલે કે 50.76% હતી.

2. ભણેલા વાલીઓની સંખ્યા 39 એટલે કે 60% હતી વાલીઓ શિક્ષણ પ્રત્યે જાગૃત જણાય હતા.

3. નિરક્ષર માતાઓની સંખ્યા 40 એટલે કે 61.54% માતાઓ અભણ હતી.

4. ધોરણ–12 નું શિક્ષણ પામેલાં ભાઈઓ જો 53 ભાઈઓ એટલે કે 28.97% હતા. આગળ અભ્યાસ માટે જાગૃતતા લાવવી.

5. ધોરણ–12 નું શિક્ષણ પામેલાં બહેનો 15 એટલે કે 10.64% હતા. આગળ અભ્યાસ માટે જાગૃતતા લાવવી.

6. વાલીઓનો વ્યવસાય ખેતી કરતા હતા.

7. 55 કુટુંબ પાસે સાયકલ કે મોટરસાયકલ હતી એટલે કે 15.39% કુટુંબ પાસે કોઈ વાહન ન હતા.

8. મનોરંજનનાં સાધનોની ટી.વી. ધરાવતાં 47 ઘરોમાં એટલે કે 72.31% હતી.

9. 57 કુટુંબો પોતાનાં ઘરમાં રહેતા હતા.

10. ગામમાં ઘરો છાપરાવાળા હતા.

11. ઘરો મોટાભાગે ફળિયામાં બાંધવામાં આવેલ હતા.

12. સમાજમાં સારા કાર્યોની નોંધ લેવાતી નથી.

13. સારા નરસા પ્રસંગે સમાજનાં લોકો 100% સાથે રહેતા જણાયા.

14. જ્ઞાતિ પ્રથામાં વાલીઓ માનતા હતા.

15. સામાજિક કાર્યમાં આર્થિક સહાય કરતા હતા.

16. પ્રવર્તમાન સામાજિક રીત રીવાજોથી સમાજ સંતુષ્ઠ હતા.

**7.** શૈક્ષણિક ફલિતાર્થ :–

1. શિક્ષણનો ફેલાવો થાય તો નાનુ કુટુંબ સુખી કુટુંબની ભાવના જાગશે. શિક્ષણ માટે કન્યાઓ અને માતાઓને જાગૃત કરવી જોઈએ.

2. કુટુંબમાં વધુ શિક્ષણ પામે તેવા ભાઈઓ અને બહેનોને ભણવા તરફ પ્રેરવા જોઈએ.

3. ગામમાં લાયબ્રેરી (ગ્રંથલય)નો ઉપયોગ થાય તે માટે પ્રચાર–પ્રસાર કરવો જોઈએ.

4. શિક્ષણનું મહત્વ ગામ લોકો સમજે તે માટે પ્રચાર–પ્રસાર, જાગૃતિનાં કાર્યક્રમો પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા દ્વારા થવા જઈએ જેથી બાળમજૂરી, દહેજપ્રથા, કન્યા કેળવણી વગેરે સરકારનાં કાર્યક્રમો સિધ્ધ થાય.

સંદર્ભ સૂચિ :–

1. દેસાઈ કે.જી અને દેસાઈ એચ.જી. સંશોધનની પધ્ધતિઓ અને પ્રવિધિઓ યુનિર્વસિર્ટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ .
2. શાહ નવીનભાઈ એચ. રાષ્ટ્રીય સેવા યોજના કાર્ય અને અભિગમ યુનિર્વસિર્ટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય અમદાવાદ.
3. પટેલ ડો. આર.એસ. શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓ જય પબ્લીકેશન, 102-103 કામધેનુ ફ્લેટ્સ,ઓગણજ, અમદાવાદ.
4. શાહ ડો. દીપિકા ભદ્રેશ. શૈક્ષણિક સંશોધન, (દિશા દર્શન)39 હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, રેલ્વે ક્રોસિંગ ઘોડાસર, અમદાવાદ.
5. વારોલી તલાટ ગામની અભિપ્રાયાવલિ.